RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 105, Dt.12-07-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# રાજકોટમાં તથ્યકાંડ-૨ઃ વૃધ્ધાને કારચાલકે ઢસડતાં મોત





(તસ્વીરઃ આનંદ જાવિયા)

## કાલાવડ રોડ પર કણકોટ પાસે ગતરાત્રે કચરો વીણતાં ૬૪ વર્ષીય વૃધ્ધાને કારચાલક નબીરાએ હડફેટે લીધાઃ અકસ્માત બાદ કાર પુરઝડપે ભગાવતા વૃધ્ધા ચાર કિમી સુધી ઢસડાતા કમકમાટીભર્યું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં પોલીસ તંત્રનો ખૌફ રહ્યો ન હોય બાપના પૈસે ઐશ કરતાં નબીરાઓ બેફામ બન્યા છે. ગઈ મોડીરાતે ૧૧ વાગ્યાની આસપાસ પુરપાટ કાર ઝડપે આવેલા કારચાલક નબીરાએ કણકોટ ગામ પાસે રોડની સાઈડમાં ચાલીને ૬૪ વર્ષીય વૃધ્ધાને હડફેટે લીધા હતાં. નબીરાએ હડફેટે લઈ તેમને ચાર કિલોમીટર સુધી ઢસડયા હતાં અને પ્રેમ મંદિર પાસે લાશ ફેંકી નાસી છૂટયા હતાં. અમદાવાદના તથ્યકાંડની યાદ અપાવતા બનાવથી ખળભળાટ મચી જવા પામ્યો છે.

જ્યારે આગળ રહેલાં તેમનો પુત્ર પાછળ દોડ્યો હતો અને રાડારાડી કરતાં અન્ય લોકો પણ પાછળ દોડ્યા હતાં અને વૃધ્ધાના ઢસડવાના નિશાન પર તેમની પાસે પહોંચ્યા હતાં. ત્યારે વૃધ્ધાએ દમ તોડી દિધો હતો અને કાર ચાલક નાસી છૂટ્યો હતો. બનાવ અંગે જાણ થતાં તાલુકા પોલીસ મથકનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને અજાણ્યાં કારચાલક સામે ગુનો નોંધી નબીરા કારચાલકની શોધખોળ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ, કણકોટ ગામે રહેતાં વિજયાબેન બીજલભાઈ બથવાર (ઉ.વ.૬૪) તેમના નાના પુત્ર દિનેશ સાથે કચરો વિણવા માટે નીકળ્યા હતાં. ત્યારે માતા-પુત્ર કણકોટ ગામ પાસે કચરો વીણી રહ્યા હતાં ત્યારે માતા પાછળ હતી અને પુત્ર આગળ હતો. ત્યારે અચાનક પાછળથી પૂરપાટ ઝડપે આવેલા આર્ટિગા કારના ચાલકે વૃધ્ધાને હડફેટે લેતાં તેઓ કારમાં ફસાઈ ગયાં હતાં.

નબીરા કારના ચાલકે તેમને ઢસડતા આગળ કચરો વિણી રહેલ તેમનો પુત્ર તેમની પાછળ દોડ્યો હતો અને રાડો પાડતાં લોકો પણ કાર પાછળ દોડ્યા હતાં. પરંતુ કારચાલક ઉભો રહ્યો ન હતો. બાદમાં બેફામ બનેલા કારચાલકે વૃદ્ધાને કણકોટના પાટીયા પાસે ફેંકી નાસી છૂટ્યો હતો. બાદમાં વૃધ્ધાના ઢસડવાના નિશાન પર તેમનો પુત્ર ત્યાં પહોંચતા વૃધ્ધાનું મોત નિપજી ચૂક્યું હતું.

બનાવ અંગે તાલુકા પોલીસ મથકના પીઆઈ હરિપરાએ જણાવ્યું હતું કે, હાલ અજાણ્યાં કાર ચાલક સામે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે આરોપીની શોધખોળ હાથ ધરી હતી.વધુમાં મળેલ વિગત મુજબ, મૃતકના પતિનું અગાઉ અવસાન થયેલ છે અને તેમને સંતાનમાં બે પુત્ર-બે પુત્રી છે. તેઓ તેમના નાના પુત્ર દિનેશ સાથે રહે છે અને માતા-પુત્ર ભંગાર વીણી ગુજરાન ચલાવતાં હતાં. તેમનો પુત્ર પણ માનસિક અસ્વસ્થ હોવાનું સામે આવ્યું હતું. બનાવના પગલે તાલુકા પોલીસે ગુનો નોંધી કાર નંબરના આધારે તપાસ કરતા આ કાર ધોરાજીના રહેવાસી સતીષ કાનજી સીંગલની હોવાનું અને આ કાર અંગે પોલીસે ટેલીફોનીક સંપર્ક કરતા કાર હાલ તેના બનેવી જયેશ કિશોર દવેરા ચલાવતો હોવાનું જણાવ્યું હતું પોલીસે જયેશના ઘરે તપાસ કરતા તે હાજર મળી આવ્યો ન હતો પોલીસે ઘર પાસે પાર્ક કરેલી કાર નં.જીજે૦૩ એનકે૨૦૯૫ નંબરની કબજે લઈ વધુ તપાસ હાથ ધરી છે.

## પૂર્વ અગ્નિવીરો માટે BSF-CISF સહિત કેન્દ્રીય સશસ્ત્ર દળોની ભરતીમાં ૧૦ ટકા અનામતઃ કેન્દ્રીય ગૃહ મંત્રાલયનો નિર્ણય

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અગ્નિવીર માટે સારા સમાચાર છે. ગૃહ મંત્રાલયે અગ્નિવીરોના હિતોને ધ્યાનમાં રાખીને મોટો નિર્ણય લીધો છે. હવે અગ્નિવીરને અર્ધલશ્કરી દળોમાં ૧૦ ટકા અનામત આપવામાં આવશે. ઈઈજ્ઞ્ તેને તાત્કાલિક અમલમાં મૂકશે. તો આ સાથે અગ્નિવીરોને ફિઝિકલ પરીક્ષામાં પણ છૂટ મળશે. કહેવામાં આવી રહ્યું છે કે, કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળએ આ અંગે તમામ પ્રકારની તૈયારીઓ કરી લીધી છે.

અગ્નિવીરને લઈને સતત સવાલો ઉઠી રહ્યા છે. વિરોધ પક્ષ અગ્નિવીરોને સતત સમાન સુવિધાઓ આપવાની માંગ કરી રહ્યો છે. ત્યારે હવે ગૃહ મંત્રાલયના આ પગલાથી વિપક્ષને જવાબ મળશે અને



અગ્નિવીરોને ફાયદો થશે.

CISF ઉત્રજ્ઞીના સિંહે કહ્યું છે કે, હવે કોન્સ્ટેબલની ભરતીમાં ૧૦ ટકા પોસ્ટસ ભૂતપૂર્વ અગ્નિવીરો માટે અનામત રાખવામાં આવશે. સાથે જ તેમને શારીરિક કાર્યક્ષમતા પરીક્ષામાં છૂટ આપવામાં આવશે CISF DG નીના સિંહે કહ્યું છે કે ભૂતપૂર્વ અગ્નિવીરોને પણ વય મર્યાદામાં છૂટછાટ મળશે.

આ વ્યવસ્થા CISF માટે પણ મહત્વની છે, કારણ કે તે ઈઈજ્ઞ્ ને પ્રશિક્ષિત, સક્ષમ અને જરૂરી મેનપાવર મળશે. આ ફોર્સમાં ડિસિપ્લિન હશે. તેવી જ રીતે તેનાથી પૂર્વ અગ્નિવીરોને CISF માં સેવા કરવાની તક મળશે.

આ અંગે બીએસએફ ડીજીનું નિવેદન પણ આવ્યું છે. બીએસએફના ડીજી નીતિન અગ્રવાલે કહ્યું છે કે અમે સૈનિકોને તૈયાર કરી રહ્યા છીએ. આનાથી સારું બીજું કંઈ ન હોઈ શકે. આનાથી તમામ દળોને ફાયદો થશે. અગ્નિવીરોને ભરતીમાં ૧૦ ટકા અનામત મળશે.


CRPFના ઉત્રદ્ધ અનીશ દયાલ સિંહે કહ્યું છે કે CRPFમાં ભૂતપૂર્વ અગ્નિવીરોની ભરતી માટે તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. અગ્નિવીરોએ સેનામાં રહીને શિસ્ત શીખી છે. આ સિસ્ટમ સાથે, અમારી પાસે પહેલા દિવસથી જ પ્રશિક્ષિત અને શિસ્તબદ્ધ કર્મચારીઓ હશે. CRPFમાં અગ્નિવીરોની પ્રથમ બેચને વયમર્યાદામાં ૫ વર્ષની છૂટ આપવામાં આવશે.

## નેપાળમાં ભૂસ્ખલનથી બે બસો નદીમાં ખાબકી, ડ્રાઈવર સહિત ૭ ભારતીયોનાં મોત, ૫૦થી વધુ પેસેન્જરો તણાયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નેપાળમાં ભારે વરસાદ વચ્ચે શુક્રવારે સવારે હાઇવે પર ભૂસ્ખલન થતાં બે બસો ત્રિશૂલી નદીમાં ખાબકી હતી. ઘટનાસ્થળે હાજર અધિકારીઓના જણાવ્યા અનુસાર બંને બસમાં ડ્રાઈવર સહિત ૬૩ લોકો સવાર હતા. મીડિયા રિપોટ્ર્સ અનુસાર આ દુર્ઘટનામાં ૭ ભારતીયોનાં મોત થયાં છે. ૫૦થી વધુ લોકો ગુમ છે.

નેપાળી મીડિયા હાઉસ કાઠમંડુ પોસ્ટ અનુસાર, બસ ડ્રાઇવરના મૃત્યુની પુષ્ટિ કરવામાં આવી છે. જ્યારે ૨ લોકોએ બસમાંથી કૂદીને પોતાનો જીવ બચાવ્યો હતો.આ અકસ્માત મધ્ય નેપાળમાં મદન-આશ્રિત હાઇવે પર સવારે ૩.૩૦ વાગ્યે થયો હતો. સતત વરસાદ અને પાણીના જોરદાર પ્રવાહને કારણે શોધ



અને બચાવ કામગીરીમાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

નેપાળના વડાપ્રધાન પુષ્પ કમલ દહલ 'પ્રચંડ'એ તમામ સરકારી એજન્સીઓને મુસાફરોને શોધવા અને બચાવવાના નિર્દેશ આપ્યા છે. દહલે ટ્વિટર પર લખ્યું, ''નારાયણગઢ-મુગલીન રોડ પર ભૂસ્ખલન અને દેશના વિવિધ ભાગોમાં પૂર અને ભૂસ્ખલનને કારણે મિલકતોને નુકસાન અને બસો વહી જવાથી લગભગ પાંચ ડઝન મુસાફરો ગુમ થયાના સમાચારથી મને ખૂબ જ દુઃખ થયું છે.'' હું ગૃહ વિભાગ સહિત સરકારની તમામ એજન્સીઓને પેસેન્જરોની શોધ કરવા અને તેમને અસરકારક રીતે બચાવવા માટે નિર્દેશ આપું છું.


દરમિયાન, હવામાન પ્રતિકૂળ રહેવાને કારણે કાઠમંડુથી ભરતપુરની તમામ ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે.નેપાળના ગૃહ મંત્રાલયના અધિકારીઓએ ગયા અઠવાડિયે જણાવ્યું હતું કે નેપાળમાં ચોમાસાની સિઝનની શરૂઆતથી વરસાદ સંબંધિત ઘટનાઓમાં ઓછામાં ઓછા ૬૨ લોકો માર્યા ગયા છે અને ૯૦ અન્ય ઘાયલ થયા છે.

## બેરોજગારીની બીમારી ભારતમાં મહામારી, ભાજપ શાસિત રાજ્યો એપીસેન્ટર-વાઈરલ વિડિયો મુદ્દે રાહુલ ગાંધીના પ્રહાર

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં બેરોજગારીની વાસ્તિકતા દર્શાવતો ભરૂચના અંકલેશ્વરની હોટલનો એક વીડિયો વાયરલ થયો હતો. જ્યાં ૧૦૦૦ થી વધુ યુવાનો પાંચ જગ્યાઓ માટે નોકરીની અરજી કરવા પહોંચ્યા હતા. ભરચક ભીડ અને નાસભાગ જેવી સ્થિતિ વીડિયોમાં જોઈ શકાય છે. એવામાં કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આ વાયરલ વીડિયો પર ભાજપ સરકાર પર પ્રહારો કરતા કહ્યું કે ભારતમાં બેરોજગારીની બિમારીએ મહામારીનું સ્વરૂપ લીધું છે.

ગુજરાતમાં એક વાયરલ વીડિયોએ લોકોને ચોંકાવી દીધા હતા. અંકલેશ્વરમાં ખાનગી કંપનીમાં ૫ પોસ્ટની ખાલી જગ્યા માટે લગભગ ૧૦૦૦ યુવાનોએ અરજી કરી હતી. ૧૦ સ્થળોએ યોજાયેલા ઈન્ટરવ્યુમાં મોટી સંખ્યામાં યુવાનો હાજર રહ્યા હતા. પરિણામે સ્થિતિ કાબૂ બહાર ગઈ હતી. કેમિકલ ફેક્ટરીમાં શિફ્ટ ઇન્ચાર્જ અને પ્લાન્ટ ઓપરેટર સહિતની વિવિધ જગ્યાઓ માટે વિવિધ લાયકાત ધરાવતા





ઉમેદવારોની જગ્યા ખાલી હતી.

જેના માટે કંપનીએ એક હોટેલમાં વોક-ઇન ઇન્ટરવ્યુનું આયોજન કર્યું હતું. જેના માટે બી.ઈ. સહિતના વિવિધ લાયકાત ધરાવતા ઉમેદવારોની અરજી મંગાવવામાં આવી હતી. જેના માટે ઈન્ટરવ્યૂ આપવા માટે ઉમેદવારોની ભારે ભીડ પહોંચી હતી. વીડિયોમાં જોઈ શકાય છે કે ભીડને કારણે હોટલની રેલિંગ વાંકી પડી હતી, જેના કારણે એક યુવક પડી ગયો હતો અને નજીકના વાહનોને નુકસાન થયું હતું.

આ વીડિયો શેર કરતા રાહુલ ગાંધીએ ભાજપ સરકાર પર પ્રહાર કરતા લખ્યું હતું કે, સામાન્ય નોકરી માટે કતારોમાં ઉભેલા 'ભારતનું ભવિષ્ય' એ નરેન્દ્ર મોદીના 'અમૃત કાલ'ની વાસ્તવિકતા છે. આ ઘટના હોવા છતાં, ટિપ્પણી માટે કંપનીનો સંપર્ક કરવાનો પ્રયાસ નિષ્ફળ ગયો હતો.

## લિકર કૌભાંડ કેસમાં કેજરીવાલને સુપ્રીમકોર્ટે આપ્યા વચગાળાના જામીન, પરંતુ હાલ જેલમુક્ત નહીં થાય

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લિકર પોલીસી અંગે ઇડીના કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સુપ્રીમ કોર્ટે વચગાળાના જામીન મંજુર કર્યા છે. સુપ્રીમ કોર્ટે આદેશમાં કહ્યું કે જ્યાં સુધી મોટી બેન્ચ આ મામલે સુનાવણી કરશે ત્યાં સુધી તેમના જામીન ચાલુ રહેશે. જો કે કેજરીવાલને જામીન મળી ગયા હોવા છતાં તેઓ હાલ જેલમાંથી બહાર આવી શકશે નહીં. કેમકે દિલ્હી સીએમને ED કેસમાં જામીન મળી ગયા છે. પરંતુ હાલમાં તે CBI કસ્ટડીમાં છે એટલે કેજરીવાલ હાલ જેલમાં જ રહેશે.



કેજરીવાલને વચગાળાના જામીન આપતાં કોર્ટે કહ્યું કે પધરપકડ માત્ર પૂછપરછથી થઈ શકે નહીં.થ તો કેજરીવાલના વકીલ વિવેક જૈને કહ્યું કે પદિલ્હી હાઈકોર્ટમાં સીબીઆઈ કેસની સુનાવણી ૧૮ જુલાઈએ થવાની છે. આ મામલે નિર્ણય આવ્યા બાદ જ ખબર પડશે કે કેજરીવાલ બહાર આવશે કે નહીં? જો કે કેજરીવાલ જેલમાંથી બહાર આવે તેવી શક્યતાઓ પ્રબળ છે.

કેજરીવાલને વચગાળાના જામીન આપતા કોર્ટે કહ્યું કે પદિલ્હીના મુખ્યમંત્રી ૯૦ દિવસ કરતા વધુ સમયથી જેલમાં છે. અને તેઓ ચૂંટાયેલા નેતા છે. હવે તેઓ આ પદ પર રહેશે કે નહીં તેનો ફેંસલો કેજરીવાલ જ કરશે. અમે નિર્ણયમાં ચૂંટણી ફંડને લઈને પણ સવાલો ઉઠાવ્યા છે. ઉલ્લેખનીય છેકે મની લોન્ડરિંગ એક્ટની કલમ ૧૯ EDને અધિકાર આપે છે કે જો પુરાવાના આધારે એજન્સીને લાગે છે કે કોઈ વ્યક્તિ મની લોન્ડરિંગ માટે દોષિત છે, તો તે તેની ધરપકડ કરી શકે છે. આવી ધરપકડ માટે એજન્સીએ માત્ર આરોપીઓને કારણો આપવાના હોય છે.

સુપ્રીમકોર્ટે કેજરીવાલના કેસ પર સુનાવણી હાથ ધરતાં કહ્યું હતું કે હવે આ મામલે ત્રણ જજોની મોટી બેન્ચ બનાવવામાં આવશે જે કેજરીવાલના કેસ પર સુનાવણી કરશે. આ સાથે એ પણ જણાવાયું કે સુપ્રીમકોર્ટના આ ત્રણ જજોના નામ ખુદ સીજેઆઈ ચંદ્રચુડ કરશે.

## જયપુર એરપોર્ટ પર સ્પાઈસજેટની એક મહિલા કર્મચારીએ ફરજ પરના CISFના જવાનને થપ્પડ મારતા વિવાદ

**મુખ્ય સમાચાર, જયપુર**

જયપુર એરપોર્ટ પર ગુરૂવારે એક આશ્ચર્યજનક ઘટનામાં સ્પાઈસજેટની એક મહિલા કર્મચારીએ ઈઈજ્ઞ્ના એક જવાનને થપ્પડ મારી દીધી. જે બાદ તેમની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે જણાવ્યા મુજબ બંને વચ્ચે સુરક્ષા તપાસને લઈને વિવાદ થયો હતો, જ્યારે એરલાઇન્સે આ મુદ્દાને યૌન ઉત્પીડનનો ગંભીર મામલો ગણાવ્યો છે. આ ઘટનાનો વીડિયો પણ વાયરલ થઈ રહ્યો છે.

ઘટનાના સીસીટીવી ફુટેજ પણ સામે આવ્યા છે જેમાં CISF અધિકારી તે સ્પાઈસ જેટની મહિલા સભ્ય સાથે વાત કરતા જોવા મળે છે. જે બાદ તે અચાનક જ બે ડગલાં આગળ વધીને તેના ચહેરા પર એક લાફો ઝીંકી દે છે. જે બાદ એક મહિલા કોન્સ્ટેબલ તેણે એક બાજુ લઈ જાય છે.

આ મામલાને લઈને વિમાની કંપની સ્પાઈસજેટે એક નિવેદનમાં દાવો કર્યો કે,





તેમની કર્મચારી સાથે અનુચિત ભાષાનો ઉપયોગ કર્યો હતો અને CISF અધિકારીએ તેણે ડ્યૂટી ટાઈમ પછી તેની ઘરે આવીને મળવાનું કહ્યું હતું.

આ અંગે જાણકારી આપતા ડીસીપી કાવેન્દ્ર સિંહે જણાવ્યું કે, CISF કર્મચારી તરફથી જે ફરિયાદ કરાઈ છે તેના આધારે આરોપી મહિલા અનુરાધા રાનીની ધરપકડ કરવામાં આવી છે અને તેમનું નિવેદન લેવામાં આવી રહ્યું છે.

મહિલાએ પણ ફરિયાદ કરાવી છે. અમે તથ્યોની તપાસ કરી રહ્યાં છીએ, જે બાદ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. હાલ મામલાની તપાસ ચાલી રહી છે. પોલીસ અધિકારીએ વધુમાં કહ્યું કે, આ ઘટના ગુરૂવારે સવારે લગભગ ૪ વાગ્યે જયપુર એરપોર્ટ પર તે સમયે થઈ જ્યારે સહાયક ઉપનિરીક્ષકે મહિલા ચાલક દળને વાહન ગેટથી સુરક્ષા તપાસ વગર એરપોર્ટની અંદર જવાથી રોક્યા.

અટકાવવામાં આવતા મહિલા અને CISF કર્મચારી વચ્ચે ઉગ્ર ચર્ચા થઈ ગઈ અને મહિલાએ જવાનને થપ્પડ મારી દીધી. અધિકારીએ જણાવ્યું કે, સવારના સમયે એરપોર્ટ પર મહિલા કર્મી ન હતી જે કારણે પુરુષ કર્મીને તપાસ માટે લગાડવામાં આવ્યા હતા.

આ મામલે CISF દ્વારા ફરિયાદ કરાઈ છે તે મુજબ, સવારે લગભગ ૪ વાગ્યે રાની જ્યારે અન્ય કર્મચારીની સાથે વાહન દ્વારા એરપોર્ટમાં પ્રવેશ કરી રહી હતી ત્યારે તેની પાસે તે ગેટનો ઉપયોગ કરવાની કાયદેસરની મંજૂરી ન હતી, જેના કારણે તેમણે રોકવામાં આવ્યા અને તેમણે એરલાઇન ક્રૂ માટે પાસેના પ્રવેશ દ્વાર પર તપાસમાંથી પસાર થવાનું કહ્યું.

પરંતુ તે સમયે કોઈ મહિલા કર્મચારી ઉપલબ્ધ ન હતા. એવામાં અર્જઈએ સુરક્ષા તપાસ માટે એક મહિલા સહકર્મીને બોલાવ્યા પરંતુ ત્યાં સુધી ચર્ચા એટલી વધી ગઈ અને સ્પાઈસજેટના કર્મચારીએ તેમણે થપ્પડ મારી દીધી.

## અંબાણી પરિવારના અનંત-રાધિકાના આજે ભવ્યાતિભવ્ય લગ્નઃ દેશ-વિદેશમાંથી વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો જાનૈયા બન્યા

**મુખ્ય સમાચાર, મુંબઈ**

ભારતના સૌથી ધનિક ઉદ્યોગપતિ એવા રીલાયન્સ ગ્રુપના મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણીના આજે રાધિકા મર્ચંટ સાથે લગ્ન થનારા છે. દેશવિદેશના મહાનુભાવો-સેલીબ્રીટીઓનો મુંબઈમાં જમાવડો થયો છે. આ જાજરમાન લગ્નનો ખર્ચ રૂ.૫૦૦૦ કરોડ થવાનો અંદાજ મુકવામાં આવ્યો છે.અનંત અંબાણી તથા રાધિકા મર્ચંટના લગ્નની વિધિ બપોરે ત્રણ વાગ્યાથી રાત્રે સાડા નવ વાગ્યા સુધી ચાલવાની છે. દેશવિદેશના મહેમાનો હાજર છે. આજે લગ્ન બાદ શનિ અને રવિવારે પણ બે સમારોહ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આવતીકાલના સમારોહમાં સામેલ થાય તેવી સંભાવના છે.

અનંત અંબાણી-રાધિકા મર્ચંટના લગ્ન 'વેડીંગ ઓફ ધ યર' ગણાવવામાં આવી જ રહ્યા છે. ગત માર્ચમાં જ પ્રિ-વેડીંગથી સમારોહની શરૂઆત થઈ ગઈ હતી. આજના લગ્ન પુર્વે કેટલાક દિવસોથી વિવિધ સમારોહ પણ યોજવામાં આવી રહ્યા છે તેના વિડીયો-ફોટા સોશ્યલ મીડીયામાં વાઈરલ થતા રહ્યા છે તેના પરથી લગ્નની ઝાકઝમાળનો અંદાજ મળી જાય છે.

અંબાણી પરિવારના આ ભવ્ય લગ્ન પાછળના ખર્ચ



વિશે પણ હવે અનુમાનો દર્શાવાય રહ્યા છે. એક અંદાજ પ્રમાણે ૪૦૦૦થી૫૦૦૦ કરોડનો લગ્ન ખર્ચ થશે. જંગી ખર્ચ છતાં તે અંબાણીની સંપતિના ૦.૫ ટકા જ છે. જો કે, ભારતીય પરિવારો લગ્ન પાછળ ખર્ચ કરે છે તેની આગાહી મુજબ અંબાણીનો ખર્ચ ઘણો ઓછો ગણી શકાય તેમ છે. ભારતીય પરિવારો લગ્ન પાછળ સંપતિના કેટલાંક ટકા વાપરે છે. અનેક કિસ્સામાં દેણુ કરીને પણ લગ્ન કરતા હોય છે.

દેશના સૌથી ઝાકઝમાળભર્યા લગ્નો પૈકીના એક એવા આ લગ્ન પુર્વે અંબાણી પરિવારના આલીશાન રહેણાંક એન્ટેલીયાને અભૂતપૂર્વ અને ભવ્ય શણગાર કરવામાં આવ્યો છે.લગ્ન ખર્ચના અંદાજમાં જુદા-જુદા નિષ્ણાંતોના અલગ-અલગ અનુમાન છે છતાં અભૂતપૂર્વ ઝાકઝમાળ, દેશવિદેશના મહાનુભાવો-સેલીબ્રીટીઓની હાજરી વ્યવસ્થા વગેરેને ધ્યાને રાખીને ખર્ચ હજારો કરોડમાં રહેવાનુ માનવામાં આવે છે.

નિષ્ણાંતોના કહેવા પ્રમાણે મુકેશ અંબાણીની સંપતિ ૧૦,૨૮,૫૪૪ કરોડ (૧૨૩.૨ અબજ ડોલર) છે. ૫૦૦૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવે તો પણ ૦.૬ અબજ ડોલર અર્થાત ૦.૫ ટકા જ થવા જાય છે.અંબાણી પરિવારના લગ્નમાં બ્રિટન, કેનેડા, સ્વીડન જેવા રાષ્ટ્રોના પુર્વ પ્રમુખો, વિશ્વભરની ટોચની કંપનીઓના વડા, સેલીબ્રીટીઓ સહિત મોટી સંખ્યામાં હાજરી આપી રહ્યા છે. સમગ્ર સમારોહ મુંબઈના જીયો વર્લ્ડ ટાવરમાં યોજાઈ રહ્યો છે.

# જામનગરની જી.જી. હોસ્પિટલમાંથી બે દિવસ પહેલાં બાઈક ચોરી કરનાર શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની જી.જી. હોસ્પિટલના પાર્કિંગમાંથી બે દિવસ પહેલાં બાઈકની ઉઠાંતરી કરનાર ખંભાળિયાના શખ્સને પોલીસે દબોચી લીધો છે. જ્યારે ચાર વર્ષ પહેલાં બાઈકની ચોરી કરનાર શખ્સ ઝડપાયો છે જામનગરની જી.જી. હોસ્પિટલમાં આવેલા એક આસામીનું જીજે-૧૦-બીસી ૯૯૪૪ નંબરનું હીરો મોટરસાયકલ ચોરાઈ ગયાની પોલીસમાં ફરિયાદ કરાઈ હતી. તેની તપાસમાં એક શખ્સ આયુ.



યુનિવર્સિટીની દીવાલ પાસે બે બાઈક સાથે ઉભો હોવાની બાતમી સિટી બી ડિવિઝનના સર્વેલન્સ સ્ટાફના રઘુભા પરમાર, ક્રિપાલસિંહ, જયદીપસિંહને મળતા પીઆઈ પી.પી. ઝાની સૂચનાથી સ્ટાફ દોડ્યો હતો.આ સ્થળેથી જીવાભાઈ ઓસમાણભાઈ મીર ઉર્ફે શરીફ કાકા નામના ખંભાળિયાના શખ્સને પકડી લેવામાં આવ્યો હતો. તેના કબજામાંથી ઉપરોક્ત મોટરસાયકલ મળી આવતા પોલીસે તેને કબ્જે કરી શરીફ કાકાની ધરપકડ કરી છે.તે ઉપરાંત જામનગરના જૂના રેલવે સ્ટેશન પાસે એક શખ્સ ચોરાઉ બાઈક સાથે આવ્યો હોવાની બાતમી રઘુભા પરમાર, મયુરરાજસિંહ, સાજીદ બેલીમને મળતા ત્યાંથી શંકરટેકરીમાં રહેતા અને સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા હારૂન કાસમ સંઘાર નામના શખ્સને ઝડપી લેવાયો હતો. તેની પાસે જીજે-૧૦-ડીબી ૧૮૬૨ નંબરનું બાઈક હતું. તે બાઈક અંગે પૂછપરછ કરાતા તેણે ચારેક વર્ષ પહેલા અંબર ટોકિઝ સામેથી આ વાહન ઉઠાવ્યાની કબૂલાત આપી છે. આ શખ્સની ધરપકડ કરી બાઈક ઝબ્બે લેવાયું છે.

# ઉપલેટામાં એસટી વિજીલન્સ અને પોલીસે ગેરકાયદે મુસાફરોને ભરતા વાહનો સામે કાર્યવાહી કરી

## ત્રણ વાહનો ડિટેઈન કર્યા, ૨૧ વાહનોને દંડ કરી કૂલ ૯૭૦૦ ની દંડ વસૂલી કરી





**મુખ્ય સમાચાર, કાનભાઈ સુવા**

**ઉપલેટા:** ઉપલેટામાં જુનાગઢ એસ.ટી. વિજિલન્સ વિભાગ દ્વારા સ્થાનિક ઉપલેટા પોલીસને સાથે રાખી અનધિકૃત રીતે મુસાફરોને ભરતા વાહન ચાલકો સામે કાર્યવાહી કરાઈ જેમાં ઉપલેટામાં ત્રણ વાહનો ડિટેન કર્યા, ૨૧ વાહનોને દંડ કરી કૂલ ૯૭૦૦ ની દંડ વસૂલી કરી છે. આ કામગીરીમાં ઉપલેટાના જિનમિલ ચોક, બસ સ્ટેન્ડ ચોક, નગનાથ ચોક સહિતના વિસ્તારોમાં ચકાસણી હાથ ધરીને તવાઈ બોલાવતા ખાનગી વાહન ચાલકોમાં ફફડાટ ફેલાયો છે.

આ કામગીરીમાં જુનાગઢ એસ.ટી. વિભાગના નિયામક એમ.બી. રાવલ અને વી. એલ. શામળા શૂરક્ષા અધિકારીના માર્ગદર્શન હેઠળ વિજિલન્સ ટીમના આર.કે. ચંદ્રવાડિયા અને ડી. એસ. ગરચર દ્વારા સ્થાનિક ઉપલેટા પોલીસને સાથે રાખીને કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ સાથે એવું પણ જણાવવામાં આવ્યું હતું કે આ કામગીરી અવિરત પણે ચલાવવામાં આવશે તેવું જણાવ્યું છે.

# હળવદના વેગડવાવ ગામ નજીક ત્રિપલ અકસ્માતમાં દંપતી સહિત ત્રણ ઘાયલ

## રાત્રીના અંધારામાં ટ્રેક્ટરની દાંતી સાથે કાર અથડાઈ સામેથી આવતી સ્વીફ્ટ કાર પણ અથડાતા સર્જાયો ત્રિપલ અકસ્માત

**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદ તાલુકાના વેગડવાવ ગામ નજીક રોડ ઉપર ટ્રેક્ટરમાં પાછળ આવેલ દાંતીમાં સિગ્નલ લાઈટ કે રીફલેક્ટર લાઈટ વગર જઇ રહેલા ટ્રેક્ટરની દાંતી સાથે કાર અથડાઈ હતી, ત્યારે સામેથી આવતી અન્ય એક સ્વીફ્ટ કાર આ કાર સાથે અથડાતા કાર સવાર દંપતીને સામાન્ય ઇજા પહોંચી હતી તથા સ્વીફ્ટ કાર ચાલકને પણ ઇજા થઇ હતી. બીજીબાજુ બંને કારમાં નુકસાની પહોંચતા હળવદ પોલીસ મથકમાં ટ્રેક્ટરના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી અનુસાર હળવદના આનંદ બંગલોઝમાં રહેતા કિશોરભાઇ મનજીભાઇ સોલગામા ઉવ.૩૫ એ આઇસર કંપની ટ્રેક્ટર જીજે-૦૮-જે-૫૬૦૨ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ગત તા. ૦૬/૦૭ના રાત્રીના ૮ વાગ્યાના સુમારે આરોપીએ પોતાના હવાલાવાળુ આઇશર કંપનીનુ વાદળી કલરનુ ટ્રેક્ટર રાત્રીના સમયે પાછળની બ્રેક લાઇટ તથા પાછળ રીફલેક્ટર વગર પાછળ ટ્રેક્ટરની દાંતી સાથે ભેંસ બાંધીને માણસોની જીંદગી જોખમાઇ તે રીતે બેકફીકરાઇ પૂર્વક ચલાવી નીકળતા કિશોરભાઈની ફોરવ્હીલ ગાડી દાંતી સાથે અથડાઈ હતી. ત્યારે તે સમયે સામેથી આવતી સ્વીફ્ટ કાર કિશોરભાઈની ગાડી સાથે અથડાતા ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતના બાનાવમાં કાર સવાર કિશોરભાઈ અને તેમની પત્નીને આંગળમાં ફેક્ચર તથા શરીરના અન્ય ભાગે મુંઢ ઇજા તથા ફુટ જેવી ઇજાઓ પહોંચી હતી જ્યારે સ્વીફ્ટ ગાડીના ચાલકને પણ સામાન્ય ઇજા પહોંચી હતી તેમજ કિશોરભાઈની કારને તથા સ્વીફ્ટ કારમાં અંદાજે ૨૦ હજાર જેવું નુકસાન થયું હતું. હાલ હળવદ પોલીસે ફરિયાદી કિશોરભાઈની ફરિયાદના આધારે ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ ચલાવી છે.

# મોરબીમાં ટાઈલ્સ ટ્રેડિંગના વેપારી યુવાન સાથે વધુ એક છેતરપિંડી

## ટાઈલ્સ ખરીદ કરવા ઓનલાઈન કટકે કટકે ચૂકવેલ રૂ.૯૦ હજારથી વધારે ગુમાવ્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં રહેતા વેપારી યુવકને તેના વ્હોટસએપ નંબરમાં ટાઇલ્સ બાબતે ખોટા મેસેજ કરી યુવકનો વિશ્વાસ કેળવી મંગાવેલ ટાઇલ્સના પેમેન્ટ માટે વેપારી યુવકના બેંક ખાતામાંથી બે કટકે રૂ.૯૦,૫૩૫/- મેળવી ટાઇલ્સ નહિ આપી છેતરપિંડી કર્યાની વેપારી યુવક દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર મોરબીના રવાપર રોડ ઉપર લક્ષ્મી સોસાયટી શુભમ હાઇટ્સમાં રહેતા અમીતભાઇ છગનભાઇ દેસાઇ કે જેઓની મોરબી-૨ શકિત ચેમ્બર્સ પાસે શીવાલીક કોમ્પલેક્ષમાં ટાઇલ્સ ટ્રેડિંગ ઓફિસ આવેલી છે ત્યારે ગત તા. ૨૬ એપ્રિલ ૨૦૨૪ ના રોજ અમિતભાઇના વ્હોટસએપમાં ૮૭૭૯૭૬૦૦૩૭ નમ્બરમાંથી મેસેજ આવ્યો હતો જેમાં ટાઇલ્સ ખરીદ કરવા બાબતે મેસેજ હોય ત્યારબાદ આ મોબાઇલ નંબર ઉપરથી અમિતભાઇ કોલ આવ્યો જેમાં અમિતભાઇ સાથે વાત કરી વિશ્વાસ કેળવી ટાઇલ્સ મંગાવી હતી, જે મંગાવેલ માલના રૂપિયા અમિતભાઇના એક્સિસ બેંકના ખાતામાંથી ફેડરલ બેંક ખાતા નંબરમાં ટ્રાન્સફર કર્યા હતા જે બાદ આજ દિન સુધી ન મંગાવેલ ટાઇલ્સનો માલ આવ્યો કે ન ચૂકવેલ રૂપિયા પરત આવ્યા જેથી અમિતભાઈએ આરોપી તરીકે વ્હોટસએપ નંબર મો.નં ૮૭૭૯૭૬૦૦૩૭ તથા ફેડરલ બેન્કના ખાતા નં-૧૭૭૮૦૧૦૦૦૪૪૭૯૯ ના ધારક તથા તપાસમા ખુલે તે તમામ વિરૂધ્ધ મોરબી બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે આરોપીઓ સામે છેતરપિંડી વિશ્વાસઘાત સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસની તજવીજ શરૂ કરી છે.

# જામજોધપુરની શાળાઓમાં મધ્યાહન ભોજન કેન્દ્રો માટે સંચાલક, રસોયા અને મદદનીશની નિમણૂંક કરાશે

## અરજદારો આગામી તા.૨૦ જૂલાઈ સુધી મામલતદાર કચેરીએ અરજી કરી શકશે

**મુખ્ય સમાચાર, વિજય બગડા**

**જામજોધપુર:** જામજોધપુર તાલુકાના ગામોમાં પી.એમ પોષણ યોજનાના કેન્દ્રો જેમાં આંબરડી મેવાસા-૨ પ્રા.શાળા, પાટણ વાડી શાળા, બોયવડીનેશ પ્રા. શાળા, હોથીજી ખડબા પ્રા.શાળા, મેલાણ પ્રા.શાળા, ઉદેપુર પ્રા.શાળા, ધોરીયોનેશ પ્રા.શાળા, ધ્રાફા તા.શાળા, ગોરખડી પ્રા.શાળા, બગધરા પ્રા.શાળા, બોરીયોનેશ પ્રા.શાળા, બાવડીદળ પ્રા. શાળા, લુવારસર પ્રા.શાળા, વિરપુર પ્રા.શાળા, લલોઈ પ્રા.શાળા, જશાપર પ્રા.શાળા, મેઘપર પ્રા.શાળા, સોરજરનેશ પ્રા.શાળા, વડાળીનેશ પ્રા.શાળા, કોબાવાડી પ્રા.શાળા, અંધારીયોનેશ પ્રા.શાળા, ગોદડીયોનેશ પ્રા. શાળા, વિરપુર વાડી શાળા આ કેન્દ્રો પર આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે નિયત માનદવેતન દ્વારા કેન્દ્ર સંચાલક, રસોયા અને મદદનીશની (જે શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૦ કરતા ઓછી હશે તે શાળામાં મદદનીશ મળવાપાત્ર રહેશે નહીં.) નિમણૂંક કરવાની થતી હોય રસ ધરાવતા તેમજ સરકારના પરીપત્ર મુજબ એસ.એસ.સી.ની લાયકાત ધરાવતા ૨૦ થી ૬૦ વર્ષની વયમર્યાદા ધરાવતા તંદુરસ્ત અને કોઈપણ ગુનાહીત કૃત્ય કરેલ ન હોય તેવા ઉમેદવારો તા.૨૦/૦૭/૨૦૨૪ સુધીમાં મામલતદાર કચેરી, જામજોધપુર ખાતે કામકાજના સમય દરમિયાન નિયત નમુનામાં આધારો આથે અરજી કરવાની રહેશે.

મહીલાઓ, સ્થાનિક ઉમેદવારોને અગ્રતા આપવામાં આવશે. સમય મર્યાદા બહાર આવેલ અરજીઓ સ્વીકારવામાં આવશે નહી. નિયત નમુનાના અરજી ફોર્મ કામકાજના સમય દરમિયાન મામલતદાર કચેરી, જામજોધપુરની પી.એમ.પોષણ શાખા માંથી વિના મુલ્યે મળી શકશે. તેમ જામજોધપુર મામલતદારની યાદીમાં જણાવાયું છે.

# મોરબી વાંકાનેરમાં તીનપત્તિનો જુગાર રમતા ૭ જુગારીઓ પોલીસ ઝપટે ચડ્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના કુબેરનગર તેમજ વાંકાનેર તાલુકાના વરડૂસર ચોકડી ખાતે પોલીસના દરોડામાં જાહેરમાં તીનપત્તિનો જુગાર રમતા કુલ સાત પટ્ટાપ્રેમીઓને પોલીસે ઝડપી લાઇ તમામ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મોરબી શહેર વિસ્તારમાં એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન મોરબીના કુબેરનગર-૧ માં જવાના રસ્તે જાહેરમાં તીનપત્તિનો જુગાર રમી રહેલા મહેશભાઇ બાબુભાઇ ઓગણીયા ઉવ.૨૦ તથા ચંદુભાઇ નાનજીભાઇ કાઠીયા ઉવ.૩૦ બંને રહે. કુબેરનગર શનીદેવના મંદીર પાસે મોરબીને ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસે જુગારના પટ્ટમાંથી રોકડા રૂ. ૧૧,૩૦૦/- જપ્ત કરી બંને આરોપીઓ સામે જુગરધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે બીક દરોડામાં વાંકાનેર તાલુકાના વરડૂસર ગામની ચોકડી પાસે જાહેરમાં ગંજીપત્તાના પત્તા વડે પૈસાની હરજીતનો તીનપત્તિનો જુગાર રમતા રણછોડભાઇ મયાભાઇ ડાભી ઉવ.૫૦, જગદીશભાઇ ધરમશીભાઇ વીંઝવાડીયા ઉવ.૩૦, હઠાભાઇ ઝાલાભાઇ લામકા ઉવ.૫૦ ત્રણેય રહે.વરડુસર તા.વાંકાનેર, પ્રેમજીભાઇ ઉર્ફે પેમાભાઇ અમરશીભાઇ ઝરવરીયા ઉવ.૫૨ રહે.રાજગઢ તા.વાંકાનેર, ગોપાલભાઇ રૂડાભાઇ લાંબરીયા ઉવ.૨૭ રહે.પલાસ તા.વાંકાનેરને જુગાર રમતા રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા પોલીસે તમામ આરોપીઓ પાસેથી રોકડા રૂ. ૪,૦૦૦/- કબ્જે લઇ જુગારધારા કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જસદણના રામેશ્વર મંદિર દ્વારા આગામી ૧૪મીએ નિરાધાર દીકરીના લગ્ન વૃક્ષારોપણ અને વૃદ્ધોનું સન્માન સહિતના ત્રિવિધ કાર્યક્રમ યોજાશે

**મુખ્ય સમાચાર, નરેશ ચોહલિયા**

**જસદણ:** જસદણ શહેરના ગોપલાણા રોડ ઉપર આવેલ રામેશ્વર મહાદેવ મંદિર ખાતે રામેશ્વર મંડળ દ્વારા નિરાધાર દીકરીના ધામધૂમથી લગ્ન યોજવામાં આવશે આ ઉપરાંત સંતોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવશે તેમજ સતાયુ વૃદ્ધોનું પૂજન સન્માન કરવામાં આવશે આ અંગે રામેશ્વર યુવક મંડળના અગ્રણી ભરતભાઈ છાયાણીએ જણાવ્યું હતું કે નિરાધાર દીકરી પાયલ ના લગ્ન ધામધૂમથી ઉજવવામાં આવશે તારીખ ૧૩ ના રોજ સાજિંદા ગીત રાસ ડાંડીયા બેન્ડવાજા સહિત કાર્યક્રમ યોજાશે તારીખ ૧૪ ના રોજ સવારે મંડપ રોપા છે ત્યારબાદ અન્નપૂર્ણા ના આશીર્વાદથી



લગ્ન ઉત્સવ મંગલ ફેરા સાંજે છ કલાકે યોજાશે ત્યારબાદ રામેશ્વર મહાદેવ ની આરતી દીપમાળા અને ભોજન સમારોહ યોજાશે બાદ જાન આગમન થશે આ ઉપરાંત સંતો મહંતોના વરદ હસ્તે રામેશ્વર મંદિરના પટાંગણમાં વિવિધ વૃક્ષો નું રોપણ કરવામાં આવશે આ ઉપરાંત સતાયુ ની વયે પહોંચેલા અથવા તો સતાયુ પાર કરેલા વૃદ્ધોનું પુજન કરવામાં આવશે તેમજ સન્માન કરવામાં આવશે આ પરોપ કારી ધાર્મિક ઉત્સવમાં સૌ કોઈ ધર્મપ્રેમી જનતાએ પધારવા રામેશ્વર યુવક મંડળ તથા રામેશ્વર મહિલા સત્સંગ મંડળ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે

# વિંછીયાની ગૌશાળા પાંજરાપોળમાં પ્રધાનમંત્રી ગૌ-પોષણ યોજનાની સબસીડી રૂા.૧૦૦ આપવા મંત્રી બાવળીયા તથા મામલતદારને આવેદનપત્ર અપાયું

**મુખ્ય સમાચાર, નરેશ ચોહલિયા**

**જસદણ:** વિંછીયા તાલુકાની ગૌશાળા તેમજ પાંજરાપોળ દ્વારા પ્રધાનમંત્રી ગૌ-પોષણ યોજનાની સબસીડી રૂ.૩૦ ના બદલે તેને વધારીને રૂ.₹૧૦૦ કરી આપવા બાબતે કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા અને વિંછીયા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ તકે વિંછીયા તાલુકાની આજુબાજુની તમામ ગૌશાળા,



પાંજરાપોળ અને ગૌપ્રેમીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું હતું કે, સરકાર દ્વારા હાલમાં એક ગાય દીઠ રૂ.૩૦ નિભાવ ખર્ચ પેટે આપવામાં આવે છે જે ખુબ જ સારી વાત છે. પરંતુ વર્તમાન સમયમાં ઘાસચારાના ભાવ આસમાને હોવાથી એક ગાય દીઠ ઓછામાં ઓછા રૂ.૧૦૦ આપવામાં આવે તો કતલખાને જતી ગાય માતાને અટકાવી શકાય અને રસ્તા ઉપર વધતા ધણ ખુંટ નંદી મહારાજ ને પણ રોકી શકાય. જેથી સરકાર દ્વારા આ બાબતને ગંભીર ગણી તાત્કાલિક ધોરણે નિવારણ લાવવામાં આવે તેવી અંતમાં ગૌપ્રેમીઓ દ્વારા માંગ કરવામાં આવી હતી

# જામનગર શહેરમાં પ્રદર્શન ગ્રાઉન્ડ અને રંગમતી નદીના પટ્ટમાં તા.૨૦-૮ થી ૩-૯ સુધી શ્રાવણી મેળો યોજાશે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીનો નિર્ણય, રૂા.૧૪.૧૭ લાખના ખર્ચને મંજૂરી અપાઈ.જામ્યુકોની સ્ટેન્ડીંગ કમીટીની બેઠકમાં શહેરમાં પ્રદર્શન ગ્રાઉન્ડ અને રંગમતી નદીના પટમાં તા.૨૦-૮ થી ૩-૯ સુધી શ્રાવણી મેળાના આયોજનનો નિર્ણય કરાયો છે. બેઠકમાં રૂ.૧૪.૧૭ લાખના ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી. તળાવના ગેઇટની ક્ષતિગ્રસ્ત દિવાલ દૂર કરી નવી આરસીસી વોલ બનાવાશે. જામ્યુકોની ગુરૂવારે મળેલી સ્ટેન્ડીંગ કમીટીની બેઠકમાં મનપાના બિલ્ડીંગ પર ત્રીજો માળ બનાવવા રૂ.૧ કરોડ, જુદા-જુદા વોર્ડમાં ગાર્ડન વર્કસના કામ માટે રૂ.૫-૫ લાખ મંજૂર કરાયા હતાં. જયારે જુદા-જુદા વોર્ડમાં રોડના કામ માટે રૂ.૭.૫૦ લાખને બહાલી આપવામાં આવી હતી.



તદઉપરાંત સીસી રોડ, પાઇપ ગટર બનાવવાના કામને મંજૂરી આપવામાં આવી હતી. વોર્ડ નં.૧૫માં પમ્પીંગ સ્ટેશનના કામ માટે રૂ.૫.૪૧ કરોડનો ખર્ચ મંજૂર કરાયો હતો. જુદા-જુદા વોર્ડમાં પાઇપલાઇનના કામ માટે રૂ.૧.૩૩ કરોડ મંજૂર કરાયા છે. જયારે હરિયા કોલેજ રોડ સાંઢિયા પુલથી કનસુમરા ગામ સુધીના ૧૮ મીટર પહોળા રેલવે ટ્રેકને સમાતંર ડીપી રોડની અમલવારી માટે ૨૧૦ હેઠળ લાઇન દોરી કરવાનો સૌધ્ધાતિંક સ્વીકાર કરાયો હતો. વેટરનીટી તબીબની જગ્યા પર ૧૧ મહિનાના કોન્ટ્રાકટ પર નવી નિમણૂંક કરાશે. જયારે સ્ટેજ મંડપના કામ માટે રૂ.૩૦.૭૫ લાખ મંજૂર કરાયા હતા. તા.૧૫-૭થી ૩૧-૭ સુધી શહેરની હદમાં સમાવિષ્ટ તમામ મિલકત ધારકોને વ્યાજમાફી આપવાનું મંજૂર કરાયું છે.

# ખેડ, ખેતર, પ્રાકૃતિક ખેતી અને પાણી સમૃદ્ધિની વહાવે સરવાણી

## આવક કરતા મારા માટે એ આત્મસંતોષ મહત્વનો કે હું કોઈને રસાયણયુક્ત ઝેર નથી ખવડાવતોઃ ટંકારાના ગણેશપરના ખેડૂતની પ્રાકૃતિક ખેતીની ખારેક ખરીદવા મુંબઈથી આવે છે ખાસ ઓર્ડર; વીઘે ૧ લાખથી વધુની આવક

**મુખ્ય સમાચાર, જામનગર**







આપણી પુરાતન સંસ્કૃતિથી ભૂમિનું પૂજન થતું આવ્યું છે. આપણા વડવાઓએ પણ ધરતીને મહામૂલુ ધન કહ્યું છે, ત્યારે નૈસર્ગિક ઢબે એ જમીન રૂપી કિમતી ખજાનાને સાચવવાની જવાબદારી આપણી છે. સરકારશ્રી દ્વારા જમીન સંવર્ધન અને ખેડૂતોના ઉત્થાન માટે પ્રાકૃતિક ખેતીને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી તેમજ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ખેડૂતોની આવક ડબલ કરવાના સ્વપનને સાકાર કરવા પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને પાયાના ઘટક તરીકે પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે. ત્યારે મોરબી જિલ્લાના ખેડૂતો પ્રાકૃતિક ખેતીથી અવનવા આયામો સિદ્ધ કરી સમગ્ર ભારત અને વિશ્વની બજારમાં પણ ડંકો વગાડી રહ્યા છે.

વર્ષ ૨૦૧૭ થી રાસાયણિક ખેતીને હંમેશા માટે અલવિદા કહી દસે દસ વીઘામાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી ખારેકની ખેતી કરી રહેલા મોરબીમાં ટંકારા તાલુકાના ગણેશપર ગામના ગણેશભાઈ પાલરીયા અને તેમના પુત્ર સંજયભાઈ પાલરીયા મબલખ આવક મેળવી રહ્યા છે. પ્રાકૃતિક ખેતીથી તેમના ખેતર અને જીવન બંનેમાં આવેલા અમૂલ પરિવર્તન વિશે વાત કરતા સંજયભાઈ પાલરીયાએ જણાવ્યું હતું કે, ૨૦૧૭ થી હું પ્રાકૃતિક ખેતી કરું છું, મારા ખેતરમાં ઇઝાયેલ ખારેકના ૨૫૦ રોપા વાવેલા છે. જેના વિકાસ અને સંરક્ષણ માટે ગાયના ગોબર અને ગૌમુત્રથી બનતા જીવામૃત અગ્નિઅસ્ત્ર વગેરેનો જ ઉપયોગ કરું છું. ૨૦૧૭માં જ્યારે ખારેકનું વાવેતર કર્યું ત્યારથી જ પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી છે. રોપા વાવતી વખતે પણ ફક્ત ગાયનું છાણ અને કાળી માટીનો જ ઉપયોગ કરેલો છે, હાલ જરૂર પડે ત્યારે ગૌમૂત્રનો છંટકાવ કરીએ છીએ જેથી જમીનમાં ભરપૂર માત્રામાં અળસિયા અને જરૂરી તમામ બેક્ટેરિયા ઉપલબ્ધ છે.

આ રોપાના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા પ્રતિ રોપાએ ૧૨૫૦ સબસીડી આપવામાં આવી છે અને તેના ખર્ચ માટે પણ પ્રતિ હેક્ટર ૪૦ હજારની સહાય મળી છે. આત્મા પ્રોજેક્ટ હેઠળ પણ પ્રાકૃતિક ખેતી માટે બેરલ સહિત સંસાધનો વસાવવા માટે ૧૩,૫૦૦ ની સહાય મળી છે. પ્રાકૃતિક ખેતીના કારણે અમને ખૂબ સારું ઉત્પાદન મળે છે. ૨૦૧૭ પહેલા રાસાયણિક ખેતીથી ખેતી કરતા ત્યારે દવા અને ખાતર સહિતના ખર્ચાઓ ખૂબ થતા જ્યારે અત્યારે ખર્ચ બિલકુલ નહિવત થઈ ગયો છે. ગાય આધારિત જ ખેતી હોવાથી ખર્ચ ઘટ્યો છે અને સામે આવક વધી ગઈ છે. ખારેકના ઉત્પાદનમાં અમને હાલ પ્રતિ એકર ૧ લાખથી વધુની આવક થાય છે, ઉપરાંત આંતરપાક ના કારણે એ આવક પણ ડબલ થઈ જાય છે.

ગુજરાતના મુખ્યમંત્રી અને રાજ્યપાલશ્રી દ્વારા પ્રાકૃતિક ખેતી માટે ખૂબ પ્રોત્સાહન આપવામાં આવે છે. ગુજરાતના ખેડૂતોને અને મને પણ ઘણું પ્રોત્સાહન મળ્યું છે અને સહાય પણ મળી છે માટે હું સરકારનો ખૂબ ખૂબ આભારી છું. સાથે અન્ય ખેડૂતોને પણ અપીલ કરું છું કે પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવે જેથી ખર્ચ ઘટે અને આવક વધે.

પ્રાકૃતિક ખેતી અપનાવતા ખારેકમાં પ્રસરેલી મીઠાશની સાથે પાલરીયા પરિવારમાં પણ મીઠાશ પ્રસરી છે. પ્રાકૃતિક ખેતીથી પાકતી આ ખારેકની સ્થાનિકે તો ખૂબ માંગ છે જ ઉપરાંત આ ખારેકની સુવાસ અને મીઠાશ રાજ્યની સરહદ વટાવી મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાં પહોંચી ચૂકી છે. મુંબઈમાં તો આ ખારેકની માંગ એટલી છે કે લોકો ખાસ ઓર્ડર આપીને ખારેક મંગાવે છે. ખારેકના ઉત્પાદનથી વીઘે એક લાખથી વધુની આવક મળી રહે છે ત્યારે ગણેશભાઈ પાલરીયા જણાવે છે કે, મારા માટે આ આવક કરતા એ આત્મ સંતોષ મહત્વનો છે કે હું મારા પરિવારને કે અન્ય કોઈને પણ રસાયણ યુક્ત ઝેર નથી ખવડાવતો કે નથી આ માભોમને પ્રદૂષિત કરતો. દરેક ખેડૂત આવું વિચારશે તો આ ધરતી રસાયણ મુક્ત બની જશે અને દરેક લોકોને શુદ્ધ, સાત્વિક અને સ્વાસ્થ્યપ્રદ ખોરાક મળી રહેશે.

# શેઠના ઘરમાં રૂા.૩ લાખના દાગીનાનો હાથફેરો કરનાર ડ્રાઈવર ઝડપાયો

## જુગારમાં મોટી રકમ હારી જતા ચોરી કર્યાની ડ્રાઈવરની કબુલાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ગુજરાત હાઉસિંગ બોર્ડમાં બસંત બહાર એપાર્ટમેન્ટમાં રહેતા વેપારીના ઘરમાં થયેલી ત્રણ લાખના દાગીનાની ચોરી અંગે તેના ડ્રાઇવર સામે ફરિયાદ નોંધાઈ છે. જેમાં ક્રાઈમ બ્રાંચે ડ્રાઈવરની ધરપકડ કરી પૂછપરછ કરતા જુગારમાં મોટી રકમ હારી ગયા બાદ દેણું ચુકવવા માટે પોતાના જ શેઠના મકાનમાં ચોરી કરી દાગીના સોની વેપારીને વેંચી નાખ્યાની કબૂલાત આપી છે.





બનાવની મળતી વિગતો મુજબ, ગુજરાત હાઉસિંગ બોર્ડના બસંત બહાર એપાર્ટમેન્ટ પાસે રહેતા અને બિઝનેસ કરતા હીરલ યોગેશભાઈ શાહ (ઉ.વ.૪૦)એ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ૭ માસ પૂર્વે ડ્રાઇવર તરીકે નોકરીએ રહેલા વિનોદ નથાલાલ મકવાણાનું નામ આપ્યુ છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ પોતાના બિઝનેસના કામ ઉપરાંત માતા-પિતા અને બાળકોને ઘરે લેવા મૂકવા તથા અન્ય ઘરના કામ માટે સાત મહિના પહેલા જ વિનોદ મકવાણાને ડ્રાઈવર તરીકે નોકરીએ રાખ્યો હોય. ગત તા.૨૫/૬ના રોજ પોતાના ઘરે કબાટમાં જૂના દાગીના તપાસ કરતા તે દાગીના મળી આવેલ ન હતા. ગત તા.૮/૬ના રોજ આ દાગીનાનું પાર્સ કબાટમાં રાખ્યું હોય જે ચોરી થયું હોય જેમાં આશરે ૩ લાખના કિમંતના સોનાના દાગીના હતા. આ બાબતે પરિવારને જાણ કરી હતી અને ત્યાર બાદ ડ્રાઇવર વિનોદ નોકરીએ નહીં આવતા બીજા દિવસે તેને ફોન કરી બોલવ્યો હતો. ઘરે આવેલા વિનોદ મકવાણાને દાગીના બાબતે પૂછપરછ કરતા તેણે આ દાગીના ચોરી કર્યાનું કબૂલ્યો હતો અને સોનાના દાગીનના રૂપિયા આપી દેવાની વાત કરી હતી. પરંતુ વિનોદ મકવાણાએ બનાવના ૧૫ દિવસ બાદ પણ રૂપિયા નહીં આપતા માલવીયા નગર પોલીસમાં આ બાબતે હિરલ શાહે ફરિયાદ નોંધાવી હતી.

આ મામલે ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ.આર. ગોંડલિયા અને પીએસઆઈ એ.એસ.ગરચર અને તેમની ટીમે તપાસ કરતા આ ચોરીમાં સંડોવાયેલ વિનોદ મકવાણાને ઝડપી લીધો હતો. પૂછપરછ દરમિયાન વિનોદે જુગારમાં મોટી રકમ હારી જતા દેણું થઈ જતા દેણું ચોકવા માટે આ ચોરી કર્યાનું કબૂલ્યું હતું.

# કુવાડવા પોલીસના મારથી પ્રૌઢનું મોત થયાની કોર્ટમાં ફરિયાદ થતા ચકચાર

## મોરબી રોડ પર વેલનાથપરામાં રહેતા યુવાને ન્યાય મેળવવા ફરિયાદ કરતા કોર્ટે તપાસનો હુકમ ક્ર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના મોરબી રોડ પર વેલનાથપરામાં રહેતા પ્રૌઢનું સારવારમાં મોત થયા બાદ પરિવારજનોએ પોલીસના મારથી પ્રૌઢનું મોત થયું હોવાનું આક્ષેપ ક્ર્યા બાદ કુવાડવા પોલીસે દરકાર નહીં કરતા પરિવારજનોને ન્યાય માટે કોર્ટના સરર્ણે જવું પડયું હતુ કસ્ટોડિયલ દેથ મામલે કોર્ટમાં ફરિયાદ કરવામાં આવતા કોર્ટે તપાસનો હુકમ કરતા મામલો ગરમાયો છે.



આ બાબતે વિગત આપતા મોરબી રોડ પર વેલનાથપરામાં રહેતા આનંદભાઈ અમરસીભાઈ સિતાપરતા નામના યુવાને જણાવ્યું હતું કે, ગઈ તા.૧૨/૪/૨૦૨૪ના તેના પિતા અમરસીભાઈ ગૌવરીદડ નોકરી પર ગયા હતા ત્યારે સિક્યોરીટીના સંચાલકો કે સપ્તાહના સંચાલકો સાથે બોલાચાલી થઈ હોય અને આ લોકોએ ૧૦૦ નંબર પર ફોન કરી પોલીસને બોલાવી હતી. ત્યારબાદ તેના પિતાને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. પરંતુ તે દિવસે તેના પિતા જંગલ વિસ્તારમાં તડકામાં બેભાન હાલતમાં પડયા હોવાની અજાણ્યા રાહદારીએ જાણ કરતા તેઓને સારવારમાં હોસ્પિટલે ખસેડવામાં આવયા હતા. અમરસીભાઈને બેફામ મારમારવાના કારણે તેને મગજમાં હેમરેજ અને લીવર ફાટી ગયું હોવાનું તબીબોએ જણાવ્યું હતું. છ દિવસની સારવાર બાદ તેનું મોત નીપજ્યું હતું. ત્યારબાદ પરિવારજનોએ પોલીસના ઉચ્ચ અધિકારીઓને રજૂઆત કરવા છતાં ફરિયાદ લેવામાં ન આવી હોય ત્યારે આ કસ્ટોડિયલ ડેથ મામલે ના છૂટકે પરિવારજનોને ન્યાય માટે કોર્ટના ૧ર ખખડાવવા પડયા હતા. કોર્ટે આ મામલે પોલીસને તપાસ કરવા અને ગુનો નોંધવા હૂકમ કરવામાં આવ્યો હોવાનું મૃતકના પુત્ર આનંદભાઈ સીતાપરાએ જણાવ્યું હતું.

# પોરબંદરની ફાયનાન્સ પેઢીમાં નકલી દાગીના ધાબડી દેનાર રાજકોટનો શખ્સ ઝડપાયો

## હોટલના મેનેજરે આઠ મહિના પહેલાં છેતરપીંડી કરી હતી: એલસીબી પોલીસે કરી ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુથુટ ફાયનાન્સમાં નકલી દાગીના મૂકી બે લાખ રૂપિયાની છેતરપીંડી કરનાર આરોપીને પોરબંદર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી) દ્વારા પકડી પાડવામાં આવ્યો છે. આ આરોપી મોઢવાડા ગામનો વતની છે અને હાલમાં રાજકોટમાં રહેતો હતો.આઠ મહિના પહેલા કમલાબાગ પોલીસ મથકમાં આ છેતરપીંડીનો ગુનો નોંધાયો હતો.



કમલાબાગ પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાત અને છેતરપીંડી ના ગુનામાં વોન્ટેડ શખ્સ હાલ રાજકોટ ખાતે છે જે હકીકતના આધારે એલ.સી.બી. સ્ટાફના હેડ કોન્સ્ટેબલ મુકેશભાઇ માવદીયા તથા પોલીસ કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ પરમાર, જીતુભાઈ દાસાએ રાજકોટ ખાતેથી આરોપી રવિન્દ્રજતી નટવરજતી ગોસાઈ ઉ.વ. ૩૪ રહે. મૂળ મોઢવાડા ગામ, વાછરાડાડાના મંદિર પાસે તા.જી. પોરબંદર હાલ રાજકોટ બસ સ્ટેન્ડ પાછળ આર.એમ.સી. ચોક શ્યામ ઇન હોટલ રાજકોટવાળો રાજકોટ મળી આવતા આરોપીને ઉપરોક્ત ગુન્હાના કામે પૂછપરછ અર્થે પોરબંદર ખાતે લઇ આવી આગળની કાર્યવાહી કરવા માટે કમલાબાગ પોલીસ સ્ટેશનમાં સોંપી આપવામાં આવેલ છે.જે કામગીરીમાં એલ.સી.બી. ઈન્ચાર્જ પી.આઈ. આર.કે.કાંબરીયા, એ.એસ.આઈ. બટુકભાઈ વિઝુડા, રાજેન્દ્રભાઈ જોષી, હેડકોન્સ્ટેબલ ઉદયભાઈ વરૂ, ગોવિંદભાઈ મકવાણા, ઉપેન્દ્રસિંહ જાડેજા, રણજીતસિંહ દયાતર, હીમાંશુભાઈ મક્કા, મુકેશભાઈ માવદીયા, કુલદીપસિંહ જાડેજા, લક્ષ્મણભાઈ ઓડેદરા, વુમન હેડ કોન્સ્ટેબલ નાથીબેન કુછડીયા, પોલીસ કોન્સ્ટેબલ નટવરભાઈ ઓડેદરા, વિરેન્દ્રસિંહ પરમાર, દુલાભાઈ ઓડેદરા, જીતુભાઈ દાસા, અજયભાઈ ચૌહાણ, ડ્રા. પોલીસ કોન્સ્ટેબલ રોહિતભાઇ વસાવા વગેરે રોકાયેલા હતા.

# શહેરના તોપખાનાના સફાઈ કામદારનો આર્થિક ભીંસથી કંટાળીને આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં જંક્શન પ્લોટ નજીક તોપખાના શેરી નં. ૫ માં રહેતા અને સફાઈ કામદાર તરીકે નોકરી કરતા યુવકે આર્થિકભીંસના કારણે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા પરિવાર શોકમાં ગરક થયો છે.



આ અંગેની માહિતી મુજબ જંક્શન પ્લોટ નજીક તોપખાના શેરી નં. ૫ માં રહેતા અમિતભાઈ મનસુખભાઈ ચૌહાણ (ઉં.વ.૩૭) નામના યુવાને પોતાના ઘરે હતો. ત્યારે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. બનાવની જાણ પ્રદ્યુમનનગર પોલીસના એએસઆઈ. સી.જે. ઝાલા સહિતના સ્ટાફને થતાં તેઓ દોડી આવ્યા હતા. અને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતુંકે, અમિત સફાઈ કામદાર તરીકેની નોકરી કરતો હતો. અને થોડા સમયથી આર્થિક ભીંસમાં આવી ગયો હોવાથી તેને આ પગલું ભર્યાનું બહાર આવ્યું છે.હાલ બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતાં પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે.

# રાજકોટ રેલ્વે સ્ટેશન પર આપઘાત કરવા ગયેલાં વૃધ્ધને એલસીબીની ટીમે બચાવ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પોલીસ પ્રજાનો મિત્ર તે સૂત્ર રાજકોટ રેલવે એલસીબીએ સાર્થક કરી બતાવ્યું છે રેલવે સ્ટેશને ટ્રેન આગળ મોતની છલાંગ લગાવનાર વૃધ્ધાને બચાવી પરીવારને સોંપતા પરીવારે પોલીસનો આભાર માન્યો હતો.

રાજકોટ રેલવે સ્ટેશનમાં પ્લેટફોર્મ નંબર ૧ ઉપર સવારે સોમનાથ ઈન્ટરસીટી એક્સપ્રેસ ટ્રેન આવતી હતી ત્યારે જ અચાનક અંદાજે ૭૫ વર્ષીય વૃધ્ધાએ આપઘાત કરવાના ઈરાદે ટ્રેન આગળ પડતુ મુકી દીધુ હતુ ત્યારે પ્લેટફોર્મ ઉપર જ ફરજ પર રહેલા એલસીબી પીઆઈ જે એમ પરમાર અને ટીમે તુરંત સમય સૂચકતા વાપરી ટ્રેનની ગતી હજુ ધીમી હોય ત્યાં સુધી પહોંચે તે પૂર્વે વૃધ્ધાને ઉચકી પ્લેટફોર્મ ઉપર લઈ બચાવી લીધા હતા ઓફીસમાં બેસાડી સાંત્વના આપી તેના પૂત્રને બોલાવી પૂછતાછ કરતાં તેણે જણાવ્યું હતુ કે વૃધ્ધાને માનસીક બીમારી હોય તેમની સારવાર ચાલી રહી છે તે વારંવા ઘરની બહાર નીકળી જતા હોવાનુ કહેતા માતાની સારસંભાળ રાખવાનુ સુચન આપ્યુ હતુ બીજી તરફ પરીવારજનોએ પણ પોલીસનો આભાર માન્યો હતો.

# સોખડા પાસે ભૂલા પડેલ વૃદ્ધાનું પરિવાર સાથે મિલન કરાવતી મહિલા હેલ્પ લાઈન ટીમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

એક સજ્જન વ્યક્તિ નો ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન પર કોલ આવેલ કે એક અજાણ્યા વૃદ્ધા કુવાડવા રોડ ઉપર સોખડા ગામના રોડ પરથી મળી આવેલ હોય માટે મદદની જરૂર છે. ત્યારબાદ આજીડેમ લોકેશનની ૧૮૧ અભયમ મહિલા હેલપલાઇનની ટીમના કાઉન્સિલર રૂચિતા મકવાણા, મહિલા કોન્સ્ટેબલ નીતાબેન અને પાયલોટ ભાનુબેન ઘટના સ્થળે પહોંચેલ હતા. વૃદ્ધાને આશ્વાસન આપેલ અને કાઉન્સિલિંગ દરમિયાન જાણ્યુ કે વૃદ્ધા કુવાડવા રોડ ઉપર આવેલા એક ગામના રેહવાસી હોય અને રસ્તો ભૂલી ગયેલા હોય. જેથી અભયમ ટીમે કુવાડવા પોલીસની મદદથી વૃદ્ધાએ જે સરનામું આપેલ તે ગામના સરપંચનો સંપર્ક કરી વૃદ્ધાને તે ગામે લઈ ગયા હતા. જે ગામમાં સરપંચની પૂછપરછ કરતા વૃદ્ધા તે ગામના દીકરી હોવાનું જાણવા મળતા વૃદ્ધાને તેમના માવતરના ઘરે લઈ ગયા હતા. જ્યાં કાઉન્સેલિંગ કરતા તેઓએ જણાવ્યું હતું. કે વૃદ્ધા આ ગામના દીકરી છે. અને બાજુના ગામમાં તેમનું સાસરિયું છે. વૃદ્ધાની માનસિક સ્થિતિ થોડી ખરાબ છે. અને બે દિવસ પેહલા વૃદ્ધા ઘરેથી માવતરે આવવા નીકળ્યા હતા. પરંતુ માનસિક અસ્વસ્થ અને વૃદ્ધાવસ્થાને કારણે તેઓ ભુલા પડ્યા હોવાનું જણાવેલ તેથી અભયમ ટીમે વૃદ્ધાનું ધ્યાન રાખવા સમજણ આપેલ વૃદ્ધાને રાત્રીના સમયે હેમખેમ ઘરે પહોંચાડનાર ૧૮૧ ટીમનો વૃદ્ધાના પરિવારે આભાર વ્યકત કર્યો હતો અને ૧૮૧ ટીમને ગામના સરપંચે કામગીરી બિરદાવી હતી.



# કોઠારિયા રોડ પર મકાન પ્રશ્ને કાકા-ભત્રીજા વચ્ચે મારામારી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં કોઠારીયા રોડ ઉપર આવેલા કનૈયા ચોકમા મકાન મુદ્દે કાકા ભત્રીજા વચ્ચે મારામારી થઈ હતી. જેમાં કાકા ભત્રીજાને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.





આ અંગેની માહિતી મુજબ કોઠારીયા મેઇન રોડ ઉપર રણુજા મંદિર પાસે આવેલા વિભૂતિ પાર્કમાં રહેતા જયેશભાઈ રમેશભાઈ ચૌહાણ નામનો ૨૫ વર્ષનો યુવાન રાત્રિના સાડા આઠેક વાગ્યાના અરસામાં વચ્છરાજનગર કનૈયા ચોક પાસે હતો ત્યારે તેના કાકા લાખાભાઈ મોહનભાઈ ચૌહાણએ ઝઘડો કરી લોખંડના સળિયા વડે માર માર્યો હતો.


જ્યારે વળતા પ્રહારમાં લાખાભાઈ મોહનભાઈ ચૌહાણ (ઉ.વ.૪૫) ઉપર તેના ભત્રીજા જયેશ, અમિત અને તેના પિતરાઈ ભાઈ રમેશે પાઇપ વડે હુમલો કરી માર માર્યો હતો. મારામારીમા ઘવાયેલા કાકા ભત્રીજાને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પ્રાથમિક ભત્રીજા વચ્ચે મકાન બાબતે ચાલતી અદાવતમાં બંને પરિવાર વચ્ચે મારા મારી થઈ હોવાનુ જાણવા મળ્યું છે. આ અંગે આજીડેમ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# નવાગામમાં સગીરના મોત કેસમાં ટ્રાન્સપોર્ટના કર્મચારી સામે સાપરાધ મનુષ્ય વધનો ગુનો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નવાગામમાં આવેલા ગોડાઉનમાં ગત તારીખ ૧ મેના રોજ રાત્રીના સમયે ૧૭ વર્ષના સગીરનું હાર્ટએટેકથી મોત થયાનું માની અંતિમ વિધી કરી નાખવામાં આવી હોય જે બનાવમાં મૃતકના પરિવારજનોએ સીસીટીવી ફુટેજ તપાસતા આ બનાવ હત્યાનો હોવાનું સામે આવતા પોલીસ કમિશ્નરને રજૂઆત કરી હતી. અને ત્યાર બાદ આ બનાવ મામલે કુવાડવા પોલીસે સીસીટીવી આધારે તપાસ કરી ટ્રાન્સપોર્ટના કર્મી સુશીલ આહીર સામે સાપરાધ મનુષ્યવધનો ગુનો નોંધ્યો છે.





મળતી વિગતો મુજબ, સંતકબીર રોડ પર ગોકુલનગર-૧માં રહેતા હર્ષિલ કમલેશ મોરી (ઉ.૨૭) ગત તા.૧-૫ના રોજ નવાગામ ખાતે આવેલા ગોડાઉનમાં હતો ત્યારે ગોડાઉનની બહાર નીકળતી વેળાએ તે બેભાન થઈ ઢળી પડતાં સારવાર માટે હોસ્પિટલે ખસેડાયા બાદ તેનું મોત થયું હતું. પ્રાથમિક દ્રષ્ટિએ આ મામલો હાર્ટએટેકથી મોતનો હોવાનું માની પોલીસે તે અંતર્ગત કાર્યવાહી કરી હતી. આ ઘટનામાં મૃતકની માતા કમળાબેન અને તેના પિતા કમલેશભાઈ મોરીને પુત્રની યાદ આવતી હોવાથી તેના છેલ્લા સીસીટીવી જોવા માટે ટ્રાન્સપોર્ટના ગોડાઉનના માલિકને વાત કરી સીસીટીવી પોતાની પાસે પેન ડ્રાઈવમાં લીધા હતા.જ્યારે સીસીટીવીમાં હર્ષિલ ઉપર તેના જ સાથે નોકરી કરતાં મિત્ર સુશીલ આહીરે મોબાઈલનો ઘા કર્યો હોવાનું જાણવા મળ્યું હતું. અને મોબાઈલનો ઘા કર્યા બાદ જ તે નીચે ઢળી પડ્યો હતો. જેથી આ મામલે તપાસ કરવા મૃતકના પરિવારે પોલીસ કમિશ્નરને મળી આ બાબતે રજૂઆત કરી હતી. બીજી તરફ મૃતકના પીએમ રિપોર્ટમાં હેમરેજથી મોત થયાનો તબીબોએ અભિપ્રાય આપ્યો હાયે જે તે વખતે હર્ષિલ નીચે પડી ગયો હોય ત્યારે હેમરેજ થયાનું કુવાડવા પોલીસે પણ માની લીધું હતું.પરંતુ સીસીટીવી ફુટેજના આધારે હર્ષિલ અને તેના મિત્રને સાથે વચ્ચે મોબાઈલના ચાર્જર બાબતે માથાકુટ થઈ હતી.અને તેના મિત્ર સુશીલ આહિરએ પાછળથી મોબાઈલનો ઘા કર્યો હોય જે માથામાં વાગવાથી તેનું બ્રેન હેમરેજથી મોત થયાનું પુરવાર થયું હતું. અને આ મામલે કુવાડવા પોલીસે સુશીલ આહીર સામે સાપરાધ મનુષ્યવધનો ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

# દારૂ ભરેલી કારનો પોલીસે પીછો કરતા અણીન્દ્રા ગામ પાસે ઝાડ સાથે અથડાઈ: બેની ધરપકડ

## એલસીબી પોલીસની ટીમે દારૂ-બીયરનો રૂા.૧૪.૧૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર એલસીબી ટીમને રાત્રે પેટ્રોલિંગ દરમિયાન વણાથી સુરેન્દ્રનગર તરફ દારૂ ભરેલ કાર આવતી હોવાની બાતમી મળતા અણીન્દ્રા ગામ પાસે વોચ રખાઈ હતી. જેમાં પોલીસને જોઈને કાર ચાલકે કાર અણીન્દ્રા તરફ હંકારી જતા પોલીસે પીછો કરતા કાર અણીન્દ્રા ગામના બસ સ્ટેશન પાસે ઝાડ સાથે અથડાઈ હતી. જેમાં ૨ શખ્સો રાજસ્થાનથી દારૂ ભરીને સુરેન્દ્રનગર આવતા ઝડપાયા હતા. પોલીસે દારૂ મોકલનાર, મંગાવનાર સહિત ૪ સામે ફરિયાદ નોંધી છે.





આ અંગેની માહિતી મુજબ સુરેન્દ્રનગર એલસીબી પીઆઈ જે. જે.જાડેજાની સુચનાથી સ્ટાફના રામદેવસીંહ, ગોપાલસીંહ, સાહીલભાઈ, મેહુલભાઈ સહિતનાઓ મંગળવારે રાત્રે પેટ્રોલીંગ કરી રહ્યા હતા. ત્યારે વણા તરફથી સુરેન્દ્રનગર બાજુ વિદેશી દારૂ ભરેલી સ્વીફ્ટ કાર આવતી હોવાની મળતા રાતના ૩ કલાકે વોચ રખાઈ હતી. જેમાં શંકાસ્પદ કાર આવતા પોલીસે રોકવાની કોશીષ કરતા કાર ચાલકે કાર અણીન્દ્રા તરફ ભગાવી હતી. અને પોલીસે પીછો કરતાઅણીન્દ્રાના બસ સ્ટેશન પાસે આવેલ ઝાડ સાથે કાર અથડાઈ હતી. જેમાં દસાડાના પીપળીનો રાહીલખાન ઉર્ફે લાલો દીલીપખાન મલેક અને વિરમગામના કાયલાનો લતીફ દીલાવરભાઈ ખલીફા ઝડપાયા હતા. આ બન્ને શખ્સોની પુછપરછ કરતા આ દારૂ પીપળીના બીસ્મીલાખાન ઉર્ફે બીચ્છુ દીલાવરખાન જતમલેકના કહેવાથી રાજસ્થાનના સાંચોરથી લાવી સુરેન્દ્રનગરના સલીમ ઉર્ફે ટકો સુલેમાનભાઈ મીયાણાને પહોંચાડવાનો હોવાનું સામે આવ્યુ હતુ. પોલીસે રૂપીયા ૧,૯૧,૭૦૦ના દારૂ-બીયર, રૂપીયા ૨ લાખની કાર અને રૂપીયા ૨૧ હજારના ૩ મોબાઈલ મળી કુલ રૂપીયા ૪,૧૨,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કરી જોરાવરનગર પોલીસ મથકે ગુનો નોંધ્યો છે. આ કેસના વધુ ૨ આરોપીઓને ઝડપી લેવા વધુ તપાસ પીએસઆઈ એમ. આર.ગોહીલ ચલાવી રહ્યા છે.

# શાપર-વેરાવળની પરિણીતાને ત્રાસ આપનાર પતિ, ભુવા અને સાસરિયાઓ સામે ફરિયાદ

## ભુવા પાસે દાણા જોવા ગયેલા સાસુ સસરાને છુટી કરી નાંખવાની ભુવાએ સલાહ આપી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરધાર ગામે માવતરના ઘરે રહેતી નામરીબેન કાપડીયાએ શાપર-વેરાવળ પોલીસમાં વેરાવળ ગામે રહેતા પતિ કુણાલભાઈ, સસરા મુકેશભાઈ સાસુ કુસુમબેન,જેઠાણી ભુમીબેન,જેઠ હાર્દીકભાઈ ભુવા ધીરૂભાઈ સહીતના નામ આપી ફરીયાદ નોંધાવી છે.

જેમાં વર્ષ ૨૦૨૨માં વેરાવળ મુકામે રહેતા મુકેશભાઈના દિકરા કુણાલ સાથે લગ્ન થયા હતા.એક વર્ષ બાદ સાસુ અને જેઠાણીએ ઘરકામ બાબતે મેણા મારી હેરાનગતિ કરતાં હતા.બાદમાં ફરી જેઠાણી સાથે માથાકુટ થતી ત્યારે જેઠ હાર્દીકએ ગાળો આપી બે વાર મારકુટ કરી હતી.અને સસરા કહેતા કે તુ મોઢુ બગાડીને ઘરમાં રહે છે.કોઈ સાથે સંપીને રહેતી નથી કહી માથાકુટ કરતાં હોવાથી પતિને વાત કરતાં મારો સાથ આપવાને બદલે તેના પરિવાર સાથે રહી અવાર નવાર ગાળો આપતા હતા.

ગત.તા.૧૮/૫ના માવતરે આટો મારવા ગયા બાદ પતિને તેડવા આવવાનું કહેતા ત્યારે અલગ અલગ બહાના બનાવતા હતા અને તેડવા પણ ન આવ્યા હતા.બાદમાં જાણવા મળેલ કે પારડી રહેતા ધીરૂભાઈ જે દાણા જોવાનું કામ કરે છે તેમણે સાસુ- સસરાને કહ્યું કે છુટુ કરી નાખો લગ્ન જીવન ચાલે તેમ નથી જેથી બધા એક સંપ કરી ત્રાસ આપતા હોવાથી ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનોં નોંધી તપાસ હાથ ધરી છે.

# સુર્યોદય સોસાયટીમાં પતિના અનૈતિક સંબંધથી કંટાળી એસિડ પી લેનારી મહિલાનું મોત

## પતિ અન્ય સ્ત્રી સાથે મેટોડા રહેતો હોવાથી મહિલાએ પગલુ ભર્યુ: આપઘાતથી બે પુત્રી અને એક પુત્રએ માતાની છત્રછાયા ગુમાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ પર આવેલ સૂર્યોદય સોસાયટીમાં રહેતાં મહિલાને છોડીને તેનો પતિ પરસ્ત્રી સાથે રહેવા જતો રહ્યો હોઈ જેથી બાળકોની ચિંતામાં પત્નિએ એસિડ પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

આ અંગેની માહિતી મુજબ શહેરના કોઠારીયા રોડ ઉપર આવેલ સુર્યોદય સોસાયટીમાં રહેતાં હંસાબેન પરબતભાઈ ડાંગર ઉ.૩૮ નામના મહિલાએ ગત તારીખ ૫ના રોજ એસિડ પી લેતાં ખાનગી હોસ્પિટલમાં અને ત્યાંથી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં



અહિં સારવાર દરમિયાન મોત નિપજતા ભક્તિનગર પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો પોલીસની પ્રાથમિક તપાસમાં આપઘાત કરનાર હંસાબેનના લગ્ન ૧૯ વર્ષ પૂર્વે થયા હોવાનુ જાણવા મળ્યુ છે પરિવારજનોના કહેવા મુજબ તેમના પતિ તેણીને મુકીને જતાં રહ્યા બાદ હાલ મેટોડા અન્ય કોઈ મહિલા સાથે રહેતા હોય જેથી આ કારણે હંસાબેન સતત ચિંતામાં રહેતાં હતાં અને સંતાનોની પણ ચિંતા થતી હતી દરમીયાન ગત ૫ તારીખે કુટુંબીજનો કેશોદ લૌકિક ક્રિયામાં ગયા હતા ત્યારે ઘરે એકલા હોય એસિડ પી લીધુ હોવાનું જાણવા મળ્યું છે મહિલાના મોતથી બે પુત્રી અને એક પૂત્રએ માતાનુ છત્ર ગુમાવ્યું છે.

# રેસકોર્ષ રીંગ રોડના વિઠ્ઠલ એપાર્ટમેન્ટમાં રહેતી ક્ષત્રિય પરિણીતાને દહેજ માટે સાસરિયાનો ત્રાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેસકોર્ષ રીંગ રોડ પરના વિઠ્ઠલ એપાર્ટમેન્ટમાં માવતરના ઘરે રહેતી અંકિતાબા ઝાલા નામની પરિણીતાએ મહિલા પોલીસમાં પતિ જયસિંહ, સસરા ઘનશ્યામસિંહ, સાસુ કિર્તીબા સામે ત્રાસ આપી દહેજની માંગ કરતા હોવાની ફરિયાદ નોંધાવી છે. જેમાં વર્ષ ૨૦૨૦માં લગ્ન થયા હતા.

બાદમાં સંયુકત કુંટુંબમાં રહેતા હતા છ મહિના ઘર સંસાર સારી રીતે ચાલેલ બાદમાં સાસુ કામ બાબતે મેણા ટોણા મારી અને કહેતા કે તમારા માવતરેથી કાંઈ દહેજમાં લાવેલ નથી. તેથી હવે પૈસા લઈ આવવાના રહેશે અને માવતરે જાતી ત્યારે પૈસા ન લઈ આવતી જેથી સાસુ ઝઘડો કરતા અને પતિને ચડામણી કરતા હોવાથી પતિ મારકુટ કરતો તેના સસરા કહેતા કે તુ ઘરમાં કાંઈ કામ કરતી નથી. તારે મારી પત્ની તથા દિકરો કહે તેમ તારે કરવાનું છે. અને પતિ કાંઈ કામ ધંધો કરતા નહીં સાસુ કહેતા કે તારે નોકરી કરવી પડશે જેથી ના પાડતા અવાર નવાર ત્રાસ આપી મારકુટ કરતા હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT